# શહેર-જિલ્લો કોરોનામુક્ત થવાની દિશામાં

**શહેરમાં માત્ર ૩ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ, જિલ્લામાં ૮ દિવસથી એક પણ કેસ નથી : હાલ એક પણ દર્દી સારવાર હેઠળ પણ નથી**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૮ દિવસથી કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ દર્દી હાલ સારવાર હેઠળ પણ નહિ હોવાનું તંત્રએ જણાવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને એકાદ-બે દિવસમાં કોરોનામુક્ત જાહેર કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માર્ચ-૨૦૨૦માં પહેલો કેસ દેખાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ હજારથી વધુ કેસ નોંધાયા હતા. છેલ્લા ૮ દિવસથી એક પણ કેસ દેખાયો નથી એટલે ગ્રામ્ય વિસ્તાર કોરોનામુક્ત તરફ ગતિ કરી રહેલ છે.

બીજી તરફ શહેરમાં પણ સતત ચોથા દિવસે એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં આ અગાઉ એક સપ્તાહ સુધી કેસો નોંધાયા ન હતા પરંતુ ગત સપ્તાહે ૩ જેટલા કેસ છુટા છવાયા મળી આવ્યા હતા.

શહેરમાં આજે ૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હજુ પણ ૩ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આમ શહેરમાં ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે છે.

શહેર અને જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે રિકવરી રેટ ૯૫ ટકા ઉપર છે.

શહેર-જિલ્લામાં ટેસ્ટીંગની કામગીરી પણ ચાલુ છે. સરેરાશ ૧૫૦૦ જેટલા લોકોના ટેસ્ટ રોજેરોજ કરવામાં આવી રહ્યાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# ખાનગી શાળા છોડી બાળકોએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૫૯ તો શહેરમાં ૫૦૦ બાળકોએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ખાનગી શાળા છોડી ૧૩૫૦ થી વધુ બાળકોએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાની મહામારીને કારણે ઘણા બધા પરિવારો પરત ફર્યા છે અને તેમના બાળકોને સરકારી શાળામાં શિક્ષણ માટે દાખલ કર્યા છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ૧૩૫૯ બાળકોએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. સરકારી શાળાઓમાં ૧લી ઓગષ્ટ સુધી પ્રવેશનું કાર્ય ચાલતુ હોય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં ૪૨૧ બાળકો, માણસામાં ૪૦૪ બાળકો, કલોલમાં ૨૪૨ બાળકો અને દહેગામમાં ૨૦૨ બાળકોએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. સરકારી શાળામાં આમ તો છેલ્લા ત્રણથી વધુ વર્ષથી બાળકો ખાનગી શાળા છોડી પ્રવેશ મેળવી રહ્યા છે. ક્યાંક વધુ ફી પણ જવાબદાર કારણ હોય છે.

શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો. ૬ થી ૮ માં ૪૫૦ જેટલા બાળકોએ આ વખતે પ્રવેશ મેળવ્યો છે. ધો. ૬ માં ૨૪૦, ધો. ૭ માં ૧૩૦ અને ધો. ૮ માં ૧૦૫ જેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ધો. ૩ થી ૬ માં પણ ૬૦૦ થી વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ખાનગી શાળા છોડી સરકારી શાળામાં ૮૭૯ કુમાર અને ૪૮૦ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. જિલ્લામાં હવે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ગાંધીનગર શહેરમાં પણ ૫૦૦ જેટલા બાળકોએ ધો. ૧ થી ૮ માં પ્રવેશ મેળવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ હતુ.

# સે-૩ ન્યુની કમ્પાઉન્ડ વોલના નિર્માણમાં મનસ્વી વલણ : દિવાલમાં મોટાં છીંડાં..!!

**સેકટરમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણ પુર્વે ફેન્સીંગના તોતિંગ દબાણો પણ દુર કરાતાં નથી : જયારે ગમે તે જગ્યાએ વચ્ચે જગ્યા છોડીને વોલ તાણી બાંધવામાં આવતાં સ્થાનિકોમાં રોષ**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સેકટરોમાં કમ્પાઉન્ડ વોલ બનાવાની યોજનાની કામગીરી દરમિયાન તંત્ર દ્વારા મનસ્વી રીતે દિવાલ ઉભી કરવામાં આવતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. સે-૩ ન્યુ છેવાડાનો વિસ્તાર હોવાછતા સેકટરની ફરતે કમ્પાઉન્ડ વોલના નિર્માણ દરમિયાન કેટલાક ઠેકાણે મોટી જગ્યા છોડી દેવામાં આવી છે. સળંગ દિવાલ બનાવવામાં આવી નથી જેના લીધે સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો છે.

શહેરના સેકટરોમાં હાલ કમ્પાઉન્ડ વોલ બનાવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ કમ્પાઉન્ડ વોલના નિર્માણ પુર્વે સેકટરોના વોક વે અડીને અડીંગો જમાવતા દબાણો દુર કરાયા નથી જેના લીધે કમ્પાઉન્ડ વોલ દબાણો માટે ઢાલ બની ગઇ છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ વૃક્ષારોપણના નામે બગીચાઓ અને ફેન્સીંગના દબાણોએ સરકારી જગ્યાને બાનમાં લીધી છે. પરંતુ બેરોકટોક ચાલતી આ પ્રવૃતિને અટકાવવા કોઈ પગલા ન લેવાતા આખરે હવે રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગ સહીતના પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. બીજીતરફ સેકટરોમાં રહીશોની સલામતી માટે નિર્માણ કરાતી કમ્પાઉન્ડ વોલની કામગીરી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. સે-૩ ન્યુમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણ દરમિયાન સ્થાનિક વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલમાં મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. અલબત્ત છેવાડાના સેકટરમાં ટ્રાફિકની અવરજવર પણ વિશેષ રહે છે.

આ ઉપરાંત રખડતા ઢોરનો ત્રાસ પણ વધુ છે જેના લીધે સકટરની સોસાયટીમાં રખડતા ઢોર ઘુસી જાય છે. આ ઉપરાંત છેવાડાનો વિસ્તાર હોવાથી સ્થાનિકોને ચોરી તસ્કરીનો ભય પણ સતાવે છે. આમછતા સેકટરમાં કમ્પાઉન્ડ વોલ બનાવતી વેળાએ કેટલાક ઠેકાણે વચ્ચે ગેપ રાખી ખુલ્લી જગ્યા છોડી દેવામાં આવી છે. સળંગ વોલ બનાવાના બદલે મનસ્વી રીતે જ વોલનુ કામ અધુરુ રાખી દેવાયુ હોય તેવી સ્થિતિ છે. જેના લીધે સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરમાં વોલ બનાવાની કામગીરીનો હેતુ સરતો નથી. આ સમસ્યાના નિવારણની પણ સ્થાનિકોએ માંગણી કરી છે.



ઝરમર ઝરમર વરસાદ - અષાઢના અંતિમ ચરણમાં શ્રાવણના સરવરિયાનો અનુભવ થાય છે... દિવસમાં એકાદ બે હળવા ઝાપટા વાતાવરણને ભેજયુક્ત રાખે છે... વરસાદ પડતો નથી, તડકો આવતો નથી... અને વાતાવરણ શુષ્ક બનતું જાય છે... ભલે હીલસ્ટેશન જેવું લાગે પરંતુ રોગચાળાનો ભય પણ એટલો જ છે...

# સતત ભેજવાળા વાતાવરણને પગલે મોલોમસી અને ચૂસિયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ખેંચ અને સતત ભેજવાળા વાતાવરણને કારણે મોલોમસી તેમજ શીરસ નામની જીવાતનો ઉપદ્રવ થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી સતત ભેજવાળુ વાતાવરણ અને દિવસે ગરમી જોવા મળી રહી છે. આ ચૂસિયા પ્રકારની જીવાત આમ તો ખાસ કરીને કપાસના પાકમાં વધુ જોવા મળતી હોય છે.

ચોમાસાની સિઝનમાં મોલોમસીનો ઉપદ્રવ સામાન્ય છે. મોલોમસી એ કુણા પાનની પાછળના ભાગમાં બેસી અને પાનને ચૂસવાનું કામ કરે છે તેમજ અવાજ થતાં તે ઉડી જાય છે. મોલોમસીનો ઉપદ્રવ શહેરમાં પણ જોવા મળી રહ્યો છે અને તેની ઉડાઉડને કારણે દ્વિચક્રી વાહનોના ચાલકોને ભારે મુશ્કેલી પડે છે. શીરસ એ પણ ચૂસિયા પ્રકારની જીવાત છે. તે પાન પર બેસી અને પાનને ચૂસી અને તેની લીલી નસોને તોડી પાકને નુકશાન કરે છે. કપાસના પાકમાં આ વધુ જોવા મળે છે.

જિલ્લામાં કપાસના પાકમાં ક્યાંક ક્યાંક ચૂસિયા પ્રકારની જીવાતોએ દેખા દીધી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર કર્યો છે.

આજે દહેગામના રામનગર વિસ્તારમાં તો તંત્રની ટીમે મુલાકાત લઈ ખેડૂતોને આ જીવાત પર કેવી રીતે નિયંત્રણ મેળવી શકાય તે માટે માર્ગદર્શન આપ્યાનું પણ જાણવા મળેલ છે. દહેગામ-માણસા તેમજ કલોલ અને ગાંધીનગર તાલુકામાં આ વર્ષે ૧૯ હજાર હેક્ટર વિસ્તારમાં કપાસના પાકનું વાવેતર થયુ છે. જેમાં સૌથી વધુ વાવેતર માણસામાં આ પછી દહેગામ તેમજ ગાંધીનગર અને કલોલમાં થયુ છે.

# ગાંધીનગર વરેઠા ટ્રેઈનમાં રોજ હું... તું અને રતનિયો..

**ટ્રેઇનનો સમય યોગ્ય ન હોવાથી રૂટમાં આવતા સ્ટોપેજને અનુલક્ષીને પણ અન્ય મુસાફરો લાભ લઇ શકતા નથી : ટ્રેઇન સમય બદલવા માટે પણ રજુઆત**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર વરેઠા ટ્રેનમાં એક સપ્તાહમાં માત્ર ૨૨ યાત્રિકો મુસાફરી કરે છે. ટ્રેનનો સમય પણ યોગ્ય ન હોવાથી ટ્રેનમાં યાત્રિકો જોવા મળતા નથી. સાંજના સમયે ઉપડતી આ ટ્રેન અપડાઉન કર્તાઓ સહીત અન્ય રેલ યાત્રિકો માટે પણ ઉપયોગી નિવડે તે માટે સમય બદલવાની માંગણી પણ કરવામાં આવી છે. હાલની સ્થિતિએ ટ્રેક પર દોડતી આ ટ્રેઈનમાં માત્ર હું તુ અને રતનિયા જેવો ઘાટ જોવા મળે છે. યાત્રિકોના અભાવે ટ્રેઈન ખાલી ખમ દોડી રહી છે. આ મામલે ફેર વિચારણા હાથ ધરી તેના સમયમાં પણ બદલાવ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ બાદ કેપિટલ સ્ટેશનથી વારાણસી અને વરેઠાની નવી ટ્રેઈન શરૂ કરવામાં આવી છે. લાંબા સમયના અંતે ગાંધીનગર સ્ટેશનના પોકેટમાં નવી ટ્રેઈન આવી છે. જેમાં ગાંધીનગર વરેઠા ટ્રેઈનનો પણ સમાવેશ થાય છે. આ ટ્રેઈન સાંજે ૬ કલાકે ગાંધીનગરથી વરેઠા જવા રવાના થાય છે. આ ટ્રેઈનને અનુલક્ષી કલોલ, ઝુલાસણ, ડાંગરવા, આંબલીયાસણ, જગુદાન, મહેસાણા, રંડાલા, પુદ્રુમ, ગણેશપુરા, વિસનગર, ગુંજા, વડનગર અને ખેરાલુ સ્ટેશન સહીત વિવિધ ૧૪ જગ્યાએ સ્ટોપેજ પણ આપવામાં આવ્યા છે. પરંતુ આ ટ્રેઈન સેવા નિયમિત રૂપે દોડતી થયા બાદ પણ પેસેન્જરોની સંખ્યા નહીંવત જોવા મળે છે. છેલ્લા એક અઠવાડીયામાં આ ટ્રેઈનમાં માત્ર ૨૨ મુસાફરોએ જ લાભ લીધો છે. અલબત્ત રોજના ૩ થી ૪ મુસાફરો ટ્રેઈન સેવાનો લાભ લે છે. આ સ્થિતિ વચ્ચે મહેસાણાના સાંસદે પણ ટ્રેઈનનો સમય બદલવા તેમજ વધુ મુસાફરો તેનો લાભ લે તે મુજબનુ ટાઈમ ટેબલ ગોઠવવા માટે રજુઆત કરી છે. હાલની સ્થિતિએ વરેઠા ટ્રેઈનમાં હુ તુ અને રતનિયા જેવો ઘાટ જોવા મળી રહ્યો છે. ટ્રેન દોડે છે પરંતુ મુસાફરો વગર ખાલીખમ દોડતી ટ્રેઈનના દ્રશ્યો રેલયાત્રિકોને પણ ખુંચી રહ્યા છે. ટ્રેઈન સેવા શરૂ કરવાની સાથે રૂટમાં આવતા સ્ટોપેજને અનુલક્ષી તે મુજબનો સમય પણ ગોઠવવામાં આવે તો આ ટ્રેઈન સેવાનો મહત્તમ મુસાફરો લાભ લઈ શકે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

# ગાંધીનગર ખાતે સખી વન સ્ટોપ સેન્ટરના નવીન મકાનનું ખાતમૂહૂર્ત

ગાંધીનગર, તા. ૪

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પુરસ્કૃત સખી-વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગરના નવીન મકાનનું આજરોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



આ સેન્ટરના પોતાના નવા મકાનના બાંધકામ માટે રાજય સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગરની અંદર ઓડિટોરિયમ હોલ પાસે ૩૦૦ ચો.મી જમીન ફાળવવામાં આવી છે. સેન્ટરનું બાંધકામ ટૂંક સમયમાં જ શરૂ કરવામાં આવશે. ત્યારબાદ નવા મકાનમાં ૨૪ કલાક કોઈપણ પ્રકારની હિંસાથી પીડીત- શોષિત મહિલાને એક જ છત્ર નીચે તાત્કાલિક તમામ પ્રકારની સુવિધા જેવી કે આશ્રય, તબીબી સેવા, પરામર્શ, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકીયઓ પુરી પાડવામાં આવશે.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા આ પ્રસંગે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પુરસ્કૃત સખી- વન સ્ટોપ સેન્ટર વિશે લોકોમાં જાગૃતતા આવે તે માટે વિસ્તૃત માહિતી આપી હતી.

હાલમાં કાર્યરત સખી – વન સ્ટોપ સેન્ટર, ગાંધીનગર દ્વારા જાન્યુઆરી – ૨૦૨૦ થી જુલાઈ - ૨૦૨૧ સુધી ઘરેલું હિંસા, રેપ કેસ, માનસિક રીતે અસ્થિર મગજની, ગુમ થયેલ, પોક્સો, જેવી વિવિધ પ્રકારની હિંસાથી પિડીત કુલ – ૧૭૯ મહિલાઓને મદદ કરવામાં આવી છે.

# સે-૧૫ માં આઈટીઆઈના સાડા ચાર દાયકા જુના બિલ્ડીંગને તોડી નવું બનાવાશે

**જુના અને જર્જરિત વર્કશોપને તોડીને ૨૯ કરોડના ખર્ચે ચાર મજલાનુ બિલ્ડીંગ બનાવાશે : ટુંકમાં વર્કશોપ અન્ય જગ્યાએ કાર્યરત થયા બાદ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૪

શહેરના સે-૧૫ માં સાડા ચાર દાયકા જુના આઈ ટી આઈના વર્કશોપને તોડીને નવુ બિલ્ડીંગ બનાવાશે. ચાર મજલાના આ નવા બિલ્ડીંગના નિર્માણ માટે અંદાજિત ૨૯ કરોડનો ખર્ચ કરાશે. ટુંકમાં જ આઈ ટી આઈ ના વર્કશોપ માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જગ્યા નિયત થયા બાદ વર્કશોપ અન્ય જગ્યાએ કાર્યરત થશે ત્યારબાદ નવા બિલ્ડીંગના નિર્માણનુ કામ હાથ ધરાશે.

શહેરના સે-૧૫ આઈ ટી આઈ માં વિદ્યાર્થીઓ માટે અદ્યોગિક એકમોને લગતા રોજગારલક્ષી કોર્ષ ચાલે છે. છેલ્લા સાડા ચાર દાયકાથી સંખ્યાબંધ વિદ્યાર્થીઓ વિવિધ કોર્ષની તાલીમ મેળવી પગભર થાય છે. સે-૧૫ નુ આઈ ટી આઈ સંકુલ ૩ હજાર ચો મી જગ્યામાં પથરાયેલુ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આઈ ટી આઈનુ બિલ્ડીંગ જર્જરિત હાલતમાં છે. સાડા ચાર દાયકા જુના જોખમી બિલ્ડીંગને તોડીને નવુ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આઈ ટી આઈના નવા ચાર મજલાના બિલ્ડીંગના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટેન્ડર મંજુરીના અંતે સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. બીજીતરફ હાલ આ સંકુલમાં કાર્યરત વર્કશોપને અન્ય જગ્યાએ ખસેડવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આઈ ટી આઈ નુ વર્કશોપ અન્ય જગ્યાએ કાર્યરત થયા બાદ સ્થળ પર કામ શરૂ કરાશે. આઈ ટી આઈના નવા સંકુલને સુવિધાસભર અને આધુનિક બનાવવા માટે અંદાજિત રૂ ૨૯ કરોડનો ખર્ચ કરાશે. જુનુ વર્કશોપ અન્ય જગ્યાએ ખસેડી દીધા બાદ તેનો કડુસલો કરી દેવાશે જયારે આગામી એક મહીનામાં નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજનાનુ કામ પુર્ણ થતા અંદાજિત ૧૮ મહીનાનો સમય લાગશે. આઈ ટી આઈ બિલ્ડીંગનુ ચાર દાયકાથી વધુ સમયના અંતે નવિનીકરણ થતા વિદ્યાર્થીઓને પણ અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થશે.




# રાજ્યમાં બે દિવસ બાદ વરસાદના એંધાણ

અમદાવાદ,તા.૪

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે, પરંતુ વરસાદ મન મુકીને વરસી રહ્યો નથી. રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ઝરમર, છૂટોછવાયો અને ઓછો વરસાદ જોવા મળી રહ્યો છે. લોકો વરસાદની આશા રાખીને બેઠા છે. સૌને સવાલ થાય છે કે વરસાદ ક્યારે આવશે? ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરતા કહ્યું, હાલ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. બે દિવસ બાદ રાજ્યમાં વરસાદ આવી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું કે, આગામી ચોવીસ કલાકમાં રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. બુધવારે વરસાદમાં ઘટાડો જોવા મળી શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદની અસર ઓછી જોવા મળી શકે છે. રાજ્યમાં ધોધમાર વરસાદ પડે એવી કોઈ સિસ્ટમ હાલ સક્રિય નથી. મહત્વનું છે કે, રાજ્યમાં હજુ પણ ૩૬ ટકા વરસાદની ઘટ છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, બે દિવસ બાદ રાજ્યમાં સારો વરસાદ વરસી શકે છે. સાથે જ માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી દેવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૫.૮૪ ટકા વરસાદ જ પડ્યો છે. રાજ્યમાં હજુ સિઝનનો માત્ર ૩૬ ટકા જ વરસાદ વરસ્યો છે, જે ગયા વર્ષની સરખામણીએ સાત ટકા ઓછો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com